એન્યુઅલ ફંક્શનની ફી નહીં ભરી તો સ્કૂલ સંચાલકોએ 60 બાળક પર જુલમ ગુજાર્યો

# અલથાણની નંદુબા સ્કૂલના વિદ્યાર્થીઓને ભરતડકે બહાર ઊભા રખાયા

**સ્કૂલ** સંચાલકોના અમાનુષી વલણ સામે વાલીઓએ સ્કૂલ બહાર વિરોધ પ્રદર્શન કર્યું



સુરતઃ અલથાણની નંદુબા સ્કૂલ વિવાદમાં આવી છે. એન્યુઅલ ફંક્શનની ફી નહીં ભરનારા વિદ્યાર્થીઓને આખો દિવસ સ્કૂલની બહાર ઊભા રાખવાના અને શારીરિક દંડ આપવાના આક્ષેપ શાળા સંચાલકો સામે થયા છે. આ ઘટનાને લઈને વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળ્યો છે અને તેઓએ સ્કૂલ બહાર ભેગા થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વાલીઓનો આરોપ છે કે બાળકોને ફક્ત એન્યુઅલ ફંક્શનની ફી નહીં ભરવાને કારણે સજા આપી અભ્યાસથી વંચિત રાખવામાં આવ્યા છે. આ સાથે જ વાલીઓએ દલીલ કરી કે જો સ્કૂલમાં રજા પાડવામાં આવે અથવા બાળકોને બહાર ઊભા રાખવામાં આવે તો તેમના ભવિષ્ય પર નકારાત્મક અસર પડશે. સામાન્ય રીતે શાળાઓ વિદ્યાર્થીઓની ઉન્નતિ માટે કામ કરતી હોય છે, પરંતુ ફક્ત એન્યુઅલ ફંક્શનની ફી નહીં ભરવાના કારણસર આ રીતે બાળકોને ત્રાસ આપવો યોગ્ય નથી એવું વાલીઓએ જણાવ્યું છે.

વાલીઓએ સ્કૂલ પ્રશાસન સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે અને સ્થાનિક શૈક્ષણિક અધિકારીઓને ફરિયાદ નોંધાવવાની ચીમકી ઉચ્ચારી છે. સ્કુલના પ્રિન્સિપલ વાલીઓને મળવા પણ સમય આપતા નથી અને મળવા બોલાવે તો ફોન બહાર મુકાવતા હોવાના આક્ષેપો છે.

**ખોટી વાત, જો કોઇ વિદ્યાર્થીને ભૂલથી બહાર ઊભા રખાયા હશે, તો તપાસ કરીશું**

આ અંગે સ્કુલના પ્રિન્સિપલ મોનીકા શર્માએ જણાવ્યું હતું કે, જે વિદ્યાર્થી આક્ષેપ કરે છે તેની બેગમાંથી ફટાકડા મળ્યા હતા. બીજા વિદ્યાર્થીઓને તડકામાં ઉભા રખાયાની વાત ખોટી છે અને જો કોઇ એક બે વિદ્યાર્થીઓને ભૂલથી શિક્ષકોએ બહાર ઉભા રાખ્યા હશે, તો તેની તપાસ કરાવીશું.

નવી જાતનું ઉઠમણું, પેઢીનો સંચાલક રત્નકલાકારોના પગારના પૈસા ચાઉં કરી ગયો

# વિરાણી ડાયમંડે રત્નકલાકારોની દિવાળી બગાડી, પગાર આપ્યા વિના કારખાનાને તાળું મારી ફરાર

**9 રત્નકલાકારના** 10.41 લાખ પગાર પેટે બાકીઃ વિરાણી બંધુ કારખાનામાંથી રાતોરાત સ્ટોક ખાલી કરી ગાયબ થઇ ગયા

**ડાયમંડ** વર્કર યુનિયનની વિરાણી બંધુ વિરુદ્ધ ગુનો નોંધવા માંગ

સુરતઃ સુરતનાં કતારગામ વિસ્તારમાં ગોતાલાવાડી સેઈફની ઉપર (ઓફિસ નંબરઃ-304 જમના સ્મૃતિ એપાર્ટમેન્ટ)માં વિરાણી ડાયમંડનાં સંચાલકો કારીગરોને પગાર ચૂકવવાનાં દિવસો નજીક આવતા આજે પરોઢે અચાનક કારખાનામાંથી તમામ સ્ટોક ખાલી કરી કારખાનાને તાળું મારી ગાયબ થઈ જતાં ડાયમંડ વર્કર યુનિયન ગુજરાતે કતારગામ પોલીસને આવેદનપત્ર આપી ગુનો દાખલ કરવા માંગ કરી છે.

ડાયમંડ વર્કર યુનિયનનાં ઉપપ્રમુખ ભાવેશ ટાંકે આપેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, વિરાણી ડાયમંડના સંચાલક અમિતભાઈ બાબુભાઈ વિરાણી તથા વિરેનભાઈ બાબુભાઈ વિરાણીને ત્યાં 9 જેટલા રત્નકલાકારો કામ કરે છે. વિરાણી ડાયમંડના સંચાલકો દ્વારા છેલ્લા ઘણાં સમયથી પગાર નહીં આપી રત્નકલાકારોની મજબૂરીનો ફાયદો ઉઠાવી વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે. ભાવેશ ટાંકે જણાવ્યું 9 કામદારનાં પગારના અંદાજે 10,41,500/- રૂપિયા બાકી છે.

**પગાર માટે બહુ દબાણ કરશો તો આપઘાત કરી લઈશઃ વિરેનભાઈ વિરાણીની રત્નકલાકારોને ધમકી**

અમિતભાઈ બાબુભાઈ વિરાણી ઉઠમણું કરી કારીગરોને પગાર આપ્યાં વિના નાસી છૂટ્યા છે. તેમનો સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમનો ફોન બંધ આવે છે. રત્નકલાકારો, વિરેનભાઈને મળ્યા તો એમણે બહુ દબાણ કરશો તો આપઘાત કરી લઈશ એવી ધમકી આપે છે. આ સ્થિતિમાં 9 કારીગરોના પરિવારોની સ્થિતિ કફોડી થઈ છે.

# અલથાણની હોટલમાં ચાલતું ગેરકાયદે કોલ સેન્ટર ઝડપાયું, બે ઠગની ધરપકડ

**ડેટા** એન્ટ્રીનું કામ સોંપી શરતભંગના નામે કેસ થયાની ધમકી આપી પૈસા પડાવતા હતાઃ બેને વોન્ટેડ જાહેર કરાયા

સુરતઃ અલથાણ હેપ્પી હોલમાર્ક શોપર્સના ત્રીજા માળે ડેલ્ટા હોટલમાં પોલીસે દરોડો પાડી ગેરકાયેદ ચાલતું કોલ સેન્ટર ઝડપી પાડ્યું છે. ઠગબાજો ગ્રાહકોને ડેટા એન્ટ્રીનું કામ અપાવ્યા બાદ કોન્ટ્રાકટનો ભંગ કર્યો હોવાનું કહી વકીલના લેટરપેડ ઉપર નોટિસ મોકલી ધમકાવતા હતા. પોલીસ કેસ કરવાનું કહી ગ્રાહકો પાસેથી પૈસા પડાવતા હતા. અલથાણ પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધી લેપટોપ અને મોબાઈલ મળી 78 હજારનો મુદ્દામાલ કબજે કરી બેને વોન્ટેડ જાહેર કર્યા છે.

બાતમીના આધારે હેપ્પી હોલમાર્ક શોપર્સના ત્રીજા માળે ડેલ્ટા હોટલનાં રૂમ નં-107માં ચાલતા ગેરકાયદે કોલ સેન્ટર પર અલથાણ સર્વેલન્સની ટીમ દ્વારા રેડ કરવામાં કરી હતી. જેમાં દેવેન્દ્રસીંગ કુદાર્સિંગ કહાડે (રહે, વાસ્તુપુજ્ય સોસાયટી, ઈચ્છાપોર) અને અંબિકેશ મંગરૂ પ્રસાદ (રહે, ચિત્રકુટ સોસાયટી મોરા ટેકરા)ને પોલીસે ઝડપી પાડ્યા હતા. હોટલમાં તપાસ કરતા ઝડપાયેલા અભિષેક યાદવ અને પ્રદીપ પોતાના આર્થિક લાભ માટે વગર પાસ પરમીટે કોલ સેન્ટર ચલાવતા હોવાનું જાણવા મળ્યું છે.

ટોળકી ગુગલ સર્ચમાંથી ક્યુઆર ડોટ કોમમાં પૈસા ભરી ગ્રાહકોના મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડીની માહિતી મેળવી લેતા હતા. ત્યારબાદ તેમને મોબાઈલ ફોન તથા વોટ્સઅપ દ્વારા સંપર્ક કરી ડેટા એન્ટ્રીનું કામ અપાવતા હતા. ટોળકી ગ્રાહકો સાથે ડેટી એન્ટ્રીનો કોન્ટ્રાકટ પણ કરતા હતા. જેમાં ગ્રાહકોને કોન્ટ્રાકટનો ભંગ થાય તો રૂપિયા 7080 ચુકવવાની શરત મુકી, ટોળકીએ ગ્રાહકોને વોટ્સએપથી લીંક મોકલી ડેટા એન્ટ્રીના કામમાં 80થી 85 ટકા નીચે ચોક્કસાઈ આવે તે રીતે ગોઠવણ કરી હતી. ત્યારબાદ ગ્રાહકોને કોન્ટ્રાક ભંગ બાબતે પોલીસ તેમજ કોર્ટમાં કેસ થયો હોવાની વકીલના લેટરપેડ પર લિગલ નોટિસ મોકલી તેમની પાસેથી અલગ અલગ બેન્કના ખાતામાં ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરાવતા હતા.

**દિવાળીને આવકારવા રંગોની જમાવટ...**



દિવાળીના પર્વને લઇ સમગ્ર શહેર શણગારી દેવામાં આવ્યું છે. ત્યારે અલથાણ વોક-વે પર અલગ અલગ પેઈન્ટીંગ સાથે તહેવારની મોજમાં નવા રંગોને ઉમેવારનો પ્રયાસ કરાયો છે. (તસવીર : હેમંત ડેરે)

# સરથાણામાં દાદાની પાછળ દોડી ગયેલી ત્રણ વર્ષની પૌત્રીનું બસ અડફેટે મોત

**મોટી** પૌત્રીને સ્કૂલ બસમાં બેસાડવા ગયેલા દાદા પાછળ બાળકી દોડી હતી, માતા-પિતા લંડનમાં રહે છે

સુરતઃ સરથાણામાં દાદાની પાછળ દોડી ગયેલી ત્રણ વર્ષની પૌત્રીને બસના ડ્રાઈવરે અડફેટે લેતા ગંભીર ઈજાના કારણે પૌત્રીનું મોત નિપજ્યું હતું.

સ્મીમેર હોસ્પિટલનાં સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ જૂનાગઢનાં વતની અને હાલ સરથાણા વિસ્તારમાં શ્યામધામ મંદિર પાછળ આવેલી શિવધારા સ્કાય લાઈટ બિલ્ડિંગમાં જયંતીભાઈ પરબત સાવલિયા પત્ની સહિતના પરિવાર સાથે રહે છે. તેમનો દીકરો સાગરકુમાર અને પુત્રવધુ લંડન રહે છે. સાગરકુમારની મોટી પુત્રી ધિયા (8 વર્ષ) અને નાની પુત્રી મિશ્રી (3 વર્ષ) અહીં દાદા જયંતીભાઈ સાથે રહે છે. ધિયા યુરો સ્કુલમાં ધોરણ-3માં અભ્યાસ કરે છે. આજ રોજ સવારે ધિયાને સ્કૂલે જવું હતું.

ધિયાને સોસાયટીમાં સ્કૂલ બસ સુધી મૂકવા માટે દાદા જયંતીભાઈ ગયા હતા. તેમની પાછળ-પાછળ મિશ્રી પણ દોડી ગઈ હતી. મિશ્રી કાંઈ સમઝે તે પહેલા બસના ડ્રાઈવરે તેણીને અડફેટે લીધી હતી. તેને ગંભીર ઈજા થઈ હતી. તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેણીને મૃત જાહેર કરી હતી. સરથાણા પોલીસે એમવી એક્ટ હેઠળ ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# અડાજણના વિવર્સને બે ઠગભગતે 16.13 લાખમાં છેતર્યો

**ગ્રે** કાપડ ખરીદ્યું ને પછી પેમેન્ટ માટે ગલ્લાં તલ્લાં ચાલુ કરી દીધાંઃ પોલીસે દલાલ, બે ઠગ વિરુદ્ધ ગુનો નોંધ્યો

સુરતઃ પાંડેસરા ખાતે ટેક્સટાઈલનો વ્યવસાય કરતા વિવર્સ પાસેથી દલાલ હસ્તે રીંગરોડના ગોલ્ડન પોઈન્ટમાં ઓફિસ ધરાવતા બે ઠગોએ 16.13 લાખનું ગ્રે કાપડ ખરીદી પેમેન્ટ માટે હાથ ખંખેરી લીધા હતા. વેપારીએ પાંડેસરા પોલીસમાં દલાલ સહિત 3 લોકો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે

અડાજણ રિવેરા ટાવરમાં રહેતા 43 વર્ષીય સમીરકુમાર કિશનભાઈ પટેલ, પાંડેસરા રાજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ગાયત્રી ટેકસટાઇલ નામે પેઢી ધરાવે છે. જાન્યુઆરી 2024માં સમીરભાઈ કાપડ દલાલ સાગર મારફતે મહેશભાઈ (ગાયત્રી ફેરાનના વહીવટ કર્તા, રહે.,પવિત્રા રેસીડેન્સી.,પાલનપુર પાટીયા રાંદેર) અને વનરાજ માત્રાભાઈ વાળા (ગાયત્રી કેશનના પ્રો.)ના સંપર્કમાં આવ્યા હતા.

સાગરભાઈ મારફતે વિશ્વાસ ઉભા અને કરી જાન્યુઆરીથી ફેબ્રુઆરીના સમયગાળા દરમિયાન ગાયત્રી ફેશનના નામે 16.13 લાખના ગ્રે કાપડની ખરીદી કરી હતી. આ માલના પૈસા આપવાને બદલે સમય પસાર કરતા હતા. બાદમાં બાકી પેમેન્ટ માટે સાગરે પણ હાથ ખંખેરી લીધા હતા. ગ્રે કાપડનો માલ તેઓએ માર્કેટમાં વેચી પૈસા લઈ લીધા બાદ પોતાના અંગત કામમાં વાપરી નાખ્યા હતા. પાંડેસરા પોલીસે મહેશભાઈ, વનરાજભાઈ અને કાપડ દલાલ સાગરભાઈ સામે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોરખધંધા માટે કુખ્યાત કપલબોક્સ ફરી ચાલુ અલથાણ G-5 ગેટ ઈન કેફેમાં પોલીસના દરોડા

**કપલની** પ્રાઈવેસી માટે અલગ અલગ કેબિનો, પડદાંની આડાશ અને સીસીટીવીનો અભાવ દેખાતાં પોલીસે સંચાલક સામે ગુનો નોંધ્યો



સુરતઃ શહેરમાં અગાઉ ઠેર-ઠેર ધમધમતા કપલબોક્સ અને તેની અંદર ચાલતા ગોરખધંધા પોલીસ દ્વારા બંધ કરાવવામાં આવ્યા હતા અને કેફેની આડમાં ધમધમતા કપલ બોક્ષના શટર્સ પાડી દેવામાં આવ્યા હતા. જો કે હવે આવા કપલ બોક્સ ફરીથી ચાલુ થઈ ગયા હોય તેમ લાગી રહ્યું છે. અલથાણ પોલીસે કેફેની આડમાં ચાલી રહેલા એક કપલ બોક્સ ઉપર દરોડા પાડ્યા હતા. પોલીસે સંચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

વીઆઈપી રોડની G-5 ગેટ ઈન કેફેમાં અલથાણ પોલીસે રેડ કરી હતી. પોલીસની રેડ દરમિયાન કેફેની આડમાં કપલબોક્સ ધમધમી રહ્યું હોવાનું બહાર આવ્યું હતું. સંચાલક દ્વારા કેફેની આડમાં કપલ બોક્સ ચલાવવામાં આવી રહ્યું હતું. કેફેની અંદર કપલને પ્રાઈવેસી મળી રહે તે માટે અલગ અલગ કેબિનો બનાવવામાં આવેલી હતી. એટલું જ નહીં, પરદાની આડાશો પણ મુકવામાં આવી હતી. તેમજ કોઈ પણ પ્રકારના સીસીટીવી કેમેરા પણ લગાડવામાં આવ્યા ન હતા.

અલથાણ પોલીસે કપલબોક્સના સંચાલ નાઝીમ હાજી મહમદ શેખ (રહે- રવિનગર અલથાણ) વિરૂદ્ધ ગુનો નોંધી તેની પરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બળાત્કારી નારાયણ સાંઈની માથાની દુઃખાવાની ગંભીર ફરિયાદ, પરંતુ રિપોર્ટ નોર્મલ આવ્યો

**વારંવારની** ફરિયાદને કારણે સિવિલમાં લવાયો, હાથકડી વિના, સાદા ડ્રેસમાં ન્યૂરોફિઝિશ્યનની સારવાર કરાવી પાછો જેલમાં મોકલાયો



સુરતઃ બળાત્કારના ગુનામાં કસૂરવાર ઠરેલા અને લાજપોર જેલમાં સજા ભોગવતા નારાયણ સાંઈને છેલ્લા કેટલાક સમયથી માથામાં દુખાવો થતો હતો. તેણે જેલમાં ડોક્ટર પાસે ફરિયાદ કરી હતી. તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.

નવી સિવિલ હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ બળાત્કારના ગુનામાં કસૂરવાર ઠરેલો નારાયણ સાંઈ હાલમાં લાજપોર જેલમાં સજા ભોગવી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી તેને માથામાં દુખાવો રહેતો હતો. તેથી તેણે જેલના ડોક્ટર પાસે તેની ફરિયાદ કરી હતી. છતાં માથાનો દુખાવો ઓછો થતો ન હતો. તેથી આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે તેને જેલથી નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. અહીં તેની તપાસ ન્યૂરોફિઝિશિયન પાસે કરાવવામાં આવી હતી, તેનો રિપોર્ટ પણ કાઢવામાં આવ્યો હતો. જો કે રિપોર્ટ નોર્મલ રહેતા તેની પ્રાથમિક સારવાર કરીને ફરીથી જેલ મોકલી દેવાયો હતો. નારાયણ સાઈને જેલના કપડા પહેરાવવાને બદલે સાદા ડ્રેસમાં લવાયો હતો, તેના હાથમાં હાથકડી પણ નહોતી.

# વર્ષના 9 જ મહિનામાં સુરત એરપોર્ટ પર 12,03,677 પેસેન્જર્સની અવરજવર

**ઇન્ટરનેશનલ** પેસેન્જરનો આંકડો એક લાખ પાર પહોંચ્યો, સપ્ટેમ્બર અંત સુધી 1,03,727 પેસેન્જર નોંધાયા

સુરતઃ જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2024 દરમિયાન 9 મહિનામાં સુરત એરપોર્ટ પર 12,03,677 પેસેન્જર્સની અવરજવર નોંધાઈ છે. પ્રથમવાર ઈન્ટરનેશનલ પેસેન્જરનો આંકડો એક લાખ પાર પહોંચ્યો છે. સપ્ટેમ્બરના અંત સુધી 1,03,727 પેસેન્જર નોંધાયા છે. સપ્ટેમ્બર 2024 દરમિયાન 1,26,208 ડોમેસ્ટિક અને 11,0,30 ઈન્ટરનેશનલ પેસેન્જર મળી કુલ 1,37,238 પેસેન્જરની અવરજવર રહી છે.

જાન્યુઆરીથી સપ્ટેમ્બર-2024 દરમિયાન 9 મહિનામાં સુરત એરપોર્ટ પર કુલ 10,99,550 ડોમેસ્ટિક પેસેન્જર અને 1,03,727 ઈન્ટરનેશનલ પેસેન્જર મળી 9 મહિનામાં કુલ પેસેન્જર સંખ્યા 12,03,677 પર પહોંચી છે. દિવાળી વેકેશન અને ક્રિસમસની રજા દરમિયાન ડિસેમ્બર-2024ના અંતે કુલ પેસેન્જરની સંખ્યા 15 લાખ વટાવે એવો અંદાજ છે. વી વર્ક ફોર વર્કિંગ એરપોર્ટ એટ સુરત ગ્રુપનું માનવું છે કે, સુરત એરપોર્ટ એક માત્ર એરપોર્ટ છે, જે પેસેન્જર મૂવમેન્ટમાં એકસરખું એરલાઈન્સને પર્ફોર્મન્સ આપે છે. પેસેન્જર મૂવમેન્ટથી કોઈ લાંબો-ટૂંકો ફેર પડતો નથી. સિઝન હોય કે આઉટ ઓફ સિઝન પેસેન્જર સંખ્યા એવરેજ સવા લાખથી દોઢ લાખની વચ્ચે રહે છે. ચોમાસા અને શિયાળામાં માત્ર એરક્રાફ્ટ મૂવમેન્ટમાં વધઘટ થતી રહે છે. 2024ના વર્ષમાં સુરત એરપોર્ટ 2019માં મળેલા સર્વાધિક 15 લાખ પેસેન્જરનો આંકડો વટાવે એવી શક્યતા છે. જાન્યુઆરીથી સપ્ટેમ્બર-2024 દરમિયાન કાર્ગો મૂવમેન્ટ 560.4 MT નોંધાઈ છે. 2024ના 9 મહિના દરમિયાન 5302 મેટ્રિક ટનની કાર્ગોની હેરફેર રહી છે.

**સુરતથી એકપણ ડેઇલી ઇન્ટરનેશનલ ફ્લાઇટ નથી, છતાં 9 મહિનામાં 1,03,727 પેસેન્જર નોંધાયા**

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ નામ માટેનું ઇન્ટરનેશનલ એરપોર્ટ છે. સુરતથી એકપણ ડેઇલી ઇન્ટરનેશનલ ફ્લાઇટ નથી, છતાં સુરત એરપોર્ટથી છેલ્લા 9 મહિના દરમિયાન 1,03,727 પેસેન્જર નોંધાયા છે. ટેક્સટાઈલ અને ડાયમંડ સિટી સુરતથી એકમાત્ર યુનાઈટેડ આરબ એમિરેટ્સનાં બે શહેર સુરત-દુબઈ-સુરતની વીકમાં 3 અને 4 દિવસની બે ફ્લાઇટ અને વીકમાં 3 દિવસની શારજાહ-સુરત-શારજાહ એર ઇન્ડિયા એક્સપ્રેસ દુબઈ-શારજાહ રૂટ પર વીકમાં 5 દિવસ ચાલતી ફ્લાઇટના દિવસો ઘટાડી 3 દિવસ કરવા છતાં પેસેન્જર સંખ્યા વધી રહી છે. ઇન્ડિગો સુરત-દુબઈ-સુરતની વીકમાં 3 દિવસની ફ્લાઇટ ઓપરેટ કરે છે, એકપણ ડેઇલી ફ્લાઇટ નથી. છતાં સપ્ટેમ્બર-2024માં સુરત એરપોર્ટ પર એક લાખથી વધુ ઇન્ટરનેશનલ પેસેન્જર્સનો આંકડો વટાવી જવાયો છે. 83 લાખની વસતીવાળા દેશમાં માત્ર એક દેશ યુએઈની જ ફ્લાઇટ ઓપરેટ થઈ રહી છે. વિન્ટર શિડ્યુલથી એર ઇન્ડિયા એક્સપ્રેસ વીકમાં 4 દિવસ સુરતથી બેંગકોકની ફ્લાઇટ શરૂ કરે એવી શક્યતા છે.

**જાન્યુઆરીથી ઓગસ્ટ-2024 દરમિયાન 12.03 લાખ પેસેન્જર આ રીતે મળ્યા**

| મહિનો | પેસેન્જર સંખ્યા |
|---|---|
| જાન્યુઆરી | 1,35,963 |
| ફેબ્રુઆરી | 1,24,974 |
| માર્ચ | 1,25,786 |
| એપ્રિલ | 1,20,924 |
| મે | 1,47,968 |
| જૂન | 1,37,084 |
| જુલાઇ | 1,35,961 |
| ઓગસ્ટ | 1,37,779 |
| સપ્ટેમ્બર | 137238 |
| **કુલ** | **12,03,677** |

# કરંટથી મૃત્યુ પામેલા યુવકના વારસદારને કોર્ટે 5 લાખને બદલે 10.26 લાખનું વળતર અપાવ્યું

**વારસદારોએ** વીજ કંપનીને જવાબદાર ગણાવી પાંચ લાખનું વળતર માંગ્યું હતું

**વીજ** કંપનીએ જવાબ નહીં આપતા વારસદારોએ વળતર માટે કોર્ટમાં અરજી કરી

**કોર્ટે** કંપનીને 10.26 લાખ વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો



સુરતઃ 2008માં પાંડેસરામાં એસીનું કામ કરતી વખતે નજીકથી પસાર થતા હાઈટેન્શન વાયરના સંપર્કમાં આવવાથી કરંટ લાગવાથી કારીગરનું મોત નિપજ્યું હતું. મૃતકના વારસદારોએ વીજ પુરવઠો પુરો પાડતી દક્ષિણ ગુજરાત વીજ કંપની પાસેથી 5 લાખ રૂપિયાનું વળતર મેળવવા માટે કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે તે અરજી માત્ર મંજુર જ ન કરી, પરંતુ કોર્ટે 10.26 લાખ રૂપિયાનું વળતર કંપની પાસેથી અપાવ્યું હતું.

કેસની વિગત એવી છે કે ઓગસ્ટ 2008માં પાંડેસરા જીઆઈડીસીમાં એક ઓફિસમાં એસી ફીટિંગ કરતી વખતે દક્ષિણ ગુજરાત વીજ કંપનીના હાઈટેન્શન વાયરના સંપર્કમાં આવતા કારીગર સદ્દામસુહેન નસીમ આલમ શેખને કરંટ લાગતા ગંભીર ઈજાના કારણે મોત મોત નીપજ્યું હતું. સદ્દામસુહેનના વારસદારોએ આ ઘટના માટે દક્ષિણ ગુજરાત વીજ કંપનીનના કર્મચારીઓને જવાબદાર ગણાવીને વીજ કંપની પાસેથી 5 લાખ રૂપિયાના વળતરની માંગણી કરી હતી.

વીજ કંપનીએ તેનો કોઈ જવાબ આપ્યો નહતો. તેથી સદ્દામસુહેનના વારસદારોએ વીજ કંપની પાસેથી વળતર મેળવવા માટે કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે તે અરજી મંજૂર કરીને સદ્દામસુહેનના વારસદારોને 10.26 લાખ રૂપિયાનું વળતર ચૂકવવા હુકમ કર્યો હતો.